ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૬-૨૦૧૫, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

બિહારમાં એનડીએનું ધૂંધળું ચિત્ર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કરતાં પણ વધારે મહત્ત્વની છે બિહાર વિધાનસભાની ચૂંટણી. વિશ્વમાં છવાઈ ગયા પછી ઘર આંગણે જ પારોઠમાં પગલાં ભરવાં પડે તેવી સ્થિતિ સરજાતાં આખી પાર્ટી મૂંઝવણ અનુભવી રહી છે. એથી યોગ દિવસની ઉજવણી વખતે મોદીએ એમના વિશ્વાસુ સાથી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને પટણા મોકલી આપ્યા હતા. લાલુપ્રસાદ યાદવ અને નીતીશકુમારની યુતિ ભાજપ અને સાથી પક્ષોને ચૂંટણી મેદાનમાં પરાજિય કરી શકે એવો માહોલ સરજાઈ રહ્યો છે, કારણ કે છેલ્લા વર્ષ દરમિયાન મોદી સરકારે આપેલ ચૂંટણી વચનો પૈકી ભાગ્યે કોઈનું સંતોષકારક પરિણામ મળ્યું હશે. કાળાં નાણાંની વાત હોય કે મેક ઈન ઈન્ડિયાની - મોદી સરકારે કશું જ નક્કર કહી શકાય એવું હાંસલ કરી શકી નથી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં દિલ્હીના રાજપથ પર જે ચટાઈઓ પાથરવામાં આવી હતી તે ચીનથી આયાત કરેલી હતી. મોદીના પોતાના સંસદીય વિસ્તાર વારાણસીમાં વણકરોને એ કામ સોંપી શકાયું હોત. મેક ઈન ઈન્ડિયા અને કાળાં નાણાં પાછાં લાવવાની બાબતની જેમ જ સ્વચ્છતા અભિયાન પણ સરિયાણ નિષ્ફતામાં પરિણમ્યું છે અને તેથી વિરોધીઓને આ બધાં મોદીના ફળદ્રુપ ભેજાનાં ગતકડાં લાગે તે સ્વાભાવિક છે. જનતા દળ (યુ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ શરદ યાદવની વાત પણ બિહારની ગરીબ પ્રજાના ગળે ઉતરી જાય એવી છે. એમણે મોદીનો યોગ શ્રમિક પ્રજા માટે જરુરી નહીં હોવાની વાત કરી છે. ખેડૂતો અને મજૂરો તે પેટિળું રળવા કાળી મજૂરી કરતા જ હોય છે. એમને યોગાસનો પાછળ વખત બરબાદ કરવાની શી જરુર? વિપક્ષોને યોગ દિવસની ઉજવણીનો આવડો મોટો દેખાડો એ પ્રજાના પૈસે પોતાની ઈમેજ બિલ્ડિંગ માટે જ કરાઈ રહ્યો હોવાનો આક્ષેપ પ્રજાના ગળે ઉતારવામાં મુશ્કેલી નથી પડી. બીજી તરફ ભાજપ પાસે નીતીશકુમાર સામે ઉતારવાલાયક ચહેરો જ નથી, તેથી એણે નરેન્દ્ર મોદીના નામ પર જ ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. પ્રજા સુપેરે સમજે છે કે બિહાર એ હિંદુસ્તા નથી, બિહારમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે કોઈ સુયોગ્ય બિહારીને જ આગળ ધરવો જોઈએ, જે ભાજપને આટલાં વર્ષો સુધી જડ્યો નથી. નીતીશકુમારના હાથ નીચે નાયબ મુખ્યમંત્રીપદ ભોગવી ચૂકેલા સુશીલકુમાર મોદી પોતાનું નામ મુકાય એવી અપેક્ષા સેવી રહ્યા છે, પણ પાર્ટીના પ્રદેશ એકમમાં એમના નામ પર સર્વસંમતિ સાધી શકાય એમ નથી. ભાજપની આ આંતરિક નબળાઈનો લાભ લઈ એનડીએના સાથી પક્ષો તરીકે જોડાયેલી કેન્દ્રીય મંત્રી ઉપેન્દ્ર કુશવાહાનો નાનકડો પક્ષ તાનમાં આવી ગયો છે. એણે કુશવાહાને મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે જાહેર કરવાની માગણી કરી દીધી છે! નીતીશકુમારના એક સમયના સાથી અને આજે એમના કટ્ટર વિરોધી જીતનરામ માંઝીની દાઢ પણ ન સળકે તો જ નવાઈ. જો કે તેઓ જાણે છે કે ભાજપ મોટી પાર્ટી છે અને પોતાના નામ પર એ કયારેક સંમત થઈ શકશે નહીં. લોક જનશક્તિ પાર્ટીના નેતા અને કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાન પણ બિહારની ચૂંટણી પોતાની નેતૃત્વ હેઠળ લડાય એમ ઈચ્છતા હોય, પરંતુ મોદી કે અમિત શાહ સમક્ષ એવી ઈચ્છા પ્રગટ કરવાની હિંમત દાખવી શકતા નથી. એમણે પાંચ વર્ષ અગાઉ લોજપા છોડી જદ(યુ)માં જોડાયેલા એમના પાંચ દગાખોર સાથીઓ કે જેઓ હાલ જીતનરામા માંઝી સાથે જોડાયેલ છે. એમને ટિકીટ અપાશે તો પોતે એમની સામે લોજપાના ઉમેદવારો ઉતારશે, એવી ચીમકી જરુર આપી છે. બિહારમાં ભાજપના આંતરિક વિખવાદ ઉપરાંત સાથી પક્ષોનો આ કકળાટ નીતીશ-લાલુના ફાયદામાં જાય એમ લાગે છે.

રેવન્યુ તલાટી પરીક્ષા પાસ ઉમેદવારોનું ભાવિ અંધકારમય

પ્રમાણપત્રો ચકાસણીને આઠ મહિના વિત્યા છતાં તંત્રનું ભેદી મૌન : ઉમેદવારોએ મુખ્યમંત્રી અને મહેસુલ સચિવને આવેદન પત્ર પાઠવ્યું : ન્યાય નહિ મળે તો ન્યાય મંદિરમાં જઈશું

ગાંધીનગર, તા. ૨૨

તલાટી કૌભાંડમાં પકડાયેલા ચંપાવત પ્રકરણના કારણે ઉત્તીર્ણ ઉમેદવારોનું ભાવિ અંધકારમય બની ગયું છે. આજે સત્યાગ્રહ છાવણી સેક્ટર-૬ ખાતે ઉમેદવારોએ ન્યાય મેળવવા 'ઘા' નાખી હતી. પસંદગી પ્રક્રિયા સંપૂર્ણ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં તંત્ર દ્વારા આજકાલ કરવામાં આવે છે. ઉમેદવારો દ્વારા મુખ્યમંત્રી અને મહેસુલ સચિવને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

લાખ્ખો શિક્ષિત બેરોજગારો સરકારી નોકરી મેળવવા રાત-દિવસ એક કરી રહ્યા છે. ત્યારે પરીક્ષા પૂર્વેના કૌભાંડો આવા યુવાનોના મહેનત ઉપર પાણી ફેરવી દે છે. આજે સેક્ટર-૬ ખાતે રેવન્યુ તલાટી પરીક્ષા પાસ ઉમેદવારો દ્વારા ન્યાય મેળવવા 'ઘા' નાંખવામાં આવી છે.

ગત ૧૬ ફેબ્રુઆરી-૧૪ના રોજ મહેસુલ વિભાગ દ્વારા રેવન્યુ તલાટીની પરીક્ષા લેવામાં આવી હતી. જેનું પરિણામ ગત ૯ સપ્ટેમ્બર-૧૪ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તંત્ર દ્વારા ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી સહિતની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી ગઈ હોવા છતાં તંત્ર ઉમેદવારોને નિમણુંક પત્ર આપવામાં ઠાગાઠૈયા કરી રહ્યું છે.

રેવન્યુ તલાટી પરીક્ષામાં

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ઉત્તીર્ણ ઉમેદવાર નીતિન ચૌહાણે પોતાની વ્યથા આપતા જણાવ્યું હતું કે ગત ૧૭ થી ૨૧ સપ્ટેમ્બર-૧૪ દરમિયાન ઉમેદવારોના પ્રમાણપત્રો ચકાસવામાં આવ્યા હતા. જેને આજે આઠ આઠ મહિના જેટલો સમય વિતી જવા પામ્યો છે. છતાં પણ નિમણુંક પત્રો આપવામાં તંત્રને પેટમાં ક્યાં દુઃખે છે તેનો ખ્યાલ આવતો નથી. વધુમાં જણાવ્યું હતું કે રેવન્યુ પરીક્ષા પાસ ઉમેદવારોમાં મોટાભાગનાની ઉમર વધી જવા પામી છે. ત્યારે જો તંત્ર ગંભીર નહિ બને તો આવા ઉમેદવારોનું ભાવિ અંધકારમાં ધકેલાઈ જશે. પરીક્ષા પહેલા ચંપાવત પ્રકરણ બહાર આવ્યુ હતુ પરંતુ તે બાબતે એફ.એસ.એલે પણ ક્લીનચીટ આપી છે.

નીતિન ચૌહાણે જણાવ્યું હતું કે તંત્ર દ્વારા સત્તાવાર અધિકારી દ્વારા આ બાબતે શા માટે સ્પષ્ટીકરણ કરવામાં આવતુ નથી. સરકાર કેટલા સમયમાં નિમણુંકો આપશે તેવો પણ સેવાલ કર્યો છે. ત્યારે જો સરકાર દ્વારા આ બાબતને ગંભીરતાથી નહિ લેવામાં આવેતો ના છુટકે કોર્ટના દ્વાર ખટખટાવવા પડશે. ત્યારે યોગ્ય નિર્ણય કરવા માંગ કરી છે.

ટેકનોલોજીથી સજ્જ કરવા સબસીડીથી લેપટોપનું વિતરણ

શિક્ષણ ટેકનોલોજીથી સજ્જ થઈ રહ્યું છે. વિદ્યાર્થીઓ ક્લાસરૂમમાં બ્લેક બોર્ડની જગ્યાએ પ્રોજેક્ટર દ્વારા અભ્યાસ કરી રહ્યા છે. વિવિધ વિષયોના અભ્યાસ માટે સીડી બનાવી પ્રેકટીશ કરવામાં આવી રહી છે. ત્યારે ટેકનોલોજીના શિક્ષણમાં વિદ્યાર્થીઓ વધુ ટેકનોક્રત બને તેવા હેતુથી શિવશક્તિ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને ૫૦ ટકા સબસીડીથી લેપટોપ આપવામાં આવ્યા હતા. પથિકાશ્રમ ખાતે યોજાયેલ લેપટોપ વિતરણ કાર્યક્રમમાં ૨૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાના ડાયરેક્ટર કેતન જોષી, આદિજાતિ વિકાસ એજન્સીના લખતરિયા અને જગદીશભાઈએ ઉપસ્થિત રહી લેપટોપ વિતરણ કર્યા હતા.

ચૌધરી કન્યા વિદ્યાલયમાં યોગ દિવસ ઉજવાયો

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં શાળાના આચાર્યાશ્રી સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. સુક્ષ્મયોગ, આસન, ધ્યાન દ્વારા યોગદિન ઉજવવામાં આવ્યો. જેમાં ૧૦૧૧ વિદ્યાર્થી શિક્ષકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન પી.ટી. શિક્ષકો અને કર્મયોગી બહેનોએ કરેલ હતું.

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં વાલી સંમેલન

ગાંધીનગર, તા. ૨૨

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં ધો. ૨ એ, બી ના વાલી મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતુ. બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. પટેલ દિવ્યા અને ખાંટ કિંજલને ગણેશ વંદનાથી કાર્યક્રમની શરૂઆત કરેલ હતી. ફાલ્ગુની ચૌહાણ, શ્રેયા, વાઘેલા જાનવીએ મેં પરિયો કી રાની નૃત્યુ દ્વારા બાળગીત રજુ કર્યુ હતુ. મસ્તી મસ્તી કી પાક શાલા જેવા ફિલ્મો પર કૌશિક, કિશ, ધ્રુવ જાનવી, શ્રેયાએ નૃત્ય રજુ કરી બધાને ખુશ કરી દીધા. ૨૪ બાળકોએ જોડકણા, બાળવાર્તા ભજન ગાઈને પોતાની શક્તિના કૌશલ્યનો પરિચય કરાવ્યો હતો. સુપરવાઈઝર શ્રી અશોકભાઈ દ્વારા વાલીઓને નિયમો અને શિસ્તની માહિતી આપી હતી. વર્ગ શિક્ષક શ્રી મેઘાબેન દવેએ કાર્યક્રમનું સંચાલન કરેલ હતું.

સહયોગ મંડળે ચોપડાનું વિતરણ કર્યુ

શહેરની આસપાસના ગામડાઓમાં કેટલાય વિદ્યાર્થીઓ છે. જેમણે અભ્યાસ કરવો હોય છે પરંતુ આર્થિક સ્થિતિ ક્યાક સામે આવે છે. ત્યારે સહયોગ મંડળ ગાંધીનગર દર વર્ષે આવા વિદ્યાર્થીઓની વ્હારે આવે છે. મોંઘવારીનો માર સહન કરતો ગરીબ પોતાના બાળકોના શિક્ષણનો ખર્ચ ઉઠાવી શકતો નથી. મંડળ બાળકોને ચોપડા આપી સેવાનું કાર્ય કરે છે. સહયોગ મંડળના ભગુભાઈ પટેલ, દિલીપસિંહ રાજપૂત, દશરથલાલ પરમાર, કિરીટસિંહ વાઘેલાએ પેથાપુરની સાત પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને ફૂલસ્કેપ ચોપડા વિતરણ કર્યા હતા. તેમજ શહેરની આઠ શાળાના ૧૬૦૦ વિદ્યાર્થીઓને ચોપડા આપ્યા હતા.

સેક્ટર-૨૩ એ. એ. પટેલ કોમર્સ કોલેજમાં ઓરીએન્ટલ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

સેક્ટર-૨૩માં આવેલ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના ઉજળા ભવિષ્ય માટે એક ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર કડી સંકુલ સેક્ટર-૨૩ સ્થિત અશ્વિનભાઈ એ. પટેલ કોલેજના એફ.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ માટે નાથીબા કોલેજમાં આવેલ બ્રહ્માણી કૃપા હોલમાં ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને આવકાર્યા હતા.

ત્યારબાદ પ્રો. મેહુલ પટેલે કોલેજની માહિતી આપી હતી. પ્રો. સમીર પંડ્યા દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન માકીંગ, પરીક્ષા કેવી રીતે થાય છે તેની માહિતી પુરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત ડૉ. રણછોડ રથવી સ્પોર્સ અને એનએસએસ વિભાગ દ્વારા ચાલતી વર્ષભરની પ્રવૃત્તિઓનું માળખુ જણાવવામાં આવ્યું હતું. પ્રો. સિદ્ધાર્થ પટેલે કોલેજના કલ્ચરલ પ્રવૃત્તિઓની માહિતી આપી.

આ કાર્યક્રમમાં ધર્મેન્દ્ર પટેલ અને કોલેજના અધ્યાપકો તેમજ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમની માહિતી મેળવી હતી.

વિલ્મા રૂડોલ્ફ : આત્મબળની અનોખી મિસાલ

લાખ અવરોધો કે તકલીફો આવે છતાં જો મનોબળ મજબૂત હોય તો અશક્ય અને અસંભવ લાગતી બાબતો પણ હકીકત બની જતી હોય છે!

રાબેતા મુજબ શાળાઓ શરુ થઈ જતાં જ ઘરનું વાતાવરણ ફરી એકવાર શિસ્તબદ્ધ અને રાબેતા મુજબનું થઈ જાય છે! દરેક વ્યક્તિ પોતપોતાના કામમાં વ્યસ્ત બની જાય છે! શાળાજીવન એ મનુષ્યના જીવનનો સર્વશ્રેષ્ઠ તબક્કો હોય છે. આ બાબત પર અનેક કવિતાઓ, લેખો અને શેર-શાયરીઓ પણ રચાયા છે ! પણ શાળાએ જતા બાળકોને વેકેશન પૂરું થતાં ફરી શાળાએ જવું કેટલું આકરું લાગે છે એ તો તેમના ચહેરા પર સ્પષ્ટપણે દેખાઈ આવે છે ! ભારે ભરખમ દફતર અને એથીયે વિશેષ ભારરૂપ ભણતર! પણ થોડા દિવસો બાદ બાળકો પણ પોતાની આ સ્કૂલ લાઈફમાં પણ ખૂબ સરસ રીતે એડજસ્ટ થઈ જતા અને ખીલખીલાતા નજરે પડે છે ! સૂર્ય જેમ દરરોજ અસ્ત થાય છે અને તેમ છતાં બીજા દિવસે નવો - તરોતાજા બનીને નિયત સમયે આવી પહોંચે તેમ જ આ બાળકો પણ શાળા માટે સુંદર, સુઘડ અને સુવ્યવસ્થિત બનીને નિયત સમયે તૈયાર થઈ જાય છે. જે બાળકો શારીરિક રીતે કે માનસિક રીતે સંપૂર્ણપણે સક્ષમ ન હોય એટલે કે કોઈના પર નિર્ભર હોય તે પણ શાળાએ જવા આ જ રીતે તૈયાર થઈ જાય છે! સામાન્ય બાળકો કરતાં પણ આ બાળકોનો ઉત્સાહ, જોશ અને હિંમત વધારે હોય છે. કુદરત સામે લડીને પણ એ તમામ પ્રકારે શિક્ષણ મેળવવા પ્રયત્નશીલ હોય છે, અરે! શિક્ષણ ઉપરાંતની પ્રવૃત્તિઓમાં પણ તેમના રસ અને રૂચિ અનુસાર તેઓ વધુ પ્રયત્નશીલ હોય છે. એક આવા બાળકની આંખમાં દુનિયાની સાત નહિં પરંતુ સાત લાખ અજાયબીઓની જયોત ઝળહળતી હોય છે! તેઓ માર્ગમાં આવતા તમામ અવરોધોને અવગણીને આગળ ને આગળ ગતિશીલ રહ્યા જ કરે છે ! કવિ કરસનદાન માણેક લખે છે તેમ,

"... નથી ગમતું ઘણું, પણ કેંક તો એવું ગમે છે -
બસ, એને કારણે આ ધરતીમાં રે'વું ગમે છે!
છે એક્કેએક કદમે મોત મારગમાં ઊભેલું,
અને તોયે સદાયે ચાલતાં રહેવું ગમે છે!...
આ કિશ્તી ઓર છે, જેની તુફાનો પ્રેરણા છે -
ખરાબા ને ખડક વચ્ચે થઈ વહેવું ગમે છે!"

૨૩મી જૂન, ૧૯૪૦માં અમેરિકાના કલાર્કસૂ વિલે ટેનીસી ખાતે વિલક્ષણ પ્રતિભાથી ભરપૂર એવી વિલ્મા ગ્લોડિયન રૂડોલ્ફનો જન્મ થયો ! આ બાળાએ સિદ્ધ કરી બતાવ્યું કે, શારીરિક રીતે અપંગ હોવા છતાં ઉન્નતિ અને વિકાસના દ્વાર બંધ થતા નથી. પરંતુ, સાહસ, પરિશ્રમ, ધૈર્ય અને પૂરી નિષ્ઠાથી પ્રયત્ન કરવામાં આવે તો નિરાશા અને હતાશાને સ્થાને સફળતા વ્યક્તિના કદમોમાં ઝૂકી શકે છે! બાળપણથી જ અપંગ હોવાને કારણે સાત વર્ષ સુધીનું શિક્ષણ તેમણે ઘરે બેસીને જ પ્રાપ્ત કર્યું. એ સમય દરમિયાન સાઉથ સ્ટેટની શાળાઓમાં પણ શ્વેત અને શ્યામવર્ણીય વિદ્યાર્થીઓ વચ્ચે ઘણો ભેદભાવ કરવામાં આવતો. શ્યામવર્ણીય વિદ્યાર્થીઓને શાળામાં પૂરતી સુવિધાઓ પ્રાપ્ત થઈ શકતી ન હતી! વિલ્માના માતાપિતા અત્યંત ઈમાનદાર અને મહેનતી હતા પરંતુ, તેમની આર્થિક ઘણી સ્થિતિ નબળી હતી. વિલ્માના પિતા સામાન ઉચકવાનું કામ કરતા તેમ જ મા ગોરાઓના ત્યાં જમવાનું બનાવવાનું, કપડા ધોવાનું તથા સફાઈ કરવાનું કાર્ય કરતી. રંગભેદની નીતિના કારણે જ વિલ્માના જન્મ સમયે તેમની તથા તેમની માતાની યોગ્ય કાળજી ન થઈ શકી. જેના પરિણામ સ્વરુપે વિલ્મા બાળપણમાં ઘણી ગંભીર બિમારીઓનો ભોગ બની. તેમની માતા પોતાની પુત્રીને અનેક ચિકિત્સકો પાસે સારવાર માટે લઈ ગઈ. તમામ ડૉકટરોના કહેવા અનુસાર વિલ્માને પોલિયો છે અને હવે તે કયારેય ચાલી નહિ શકે - આ સાંભળીને દરેક માતા-પિતાની જેમ જ વિલ્માના માતા-પિતાને પણ ઊંડો આઘાત લાગ્યો પરંતુ, તેમણે હિંમત હારી નહીં. તેઓ વિલ્માને ૫૦ માઈલ દૂર એક હોસ્પિટલ લઈને ગયા. ત્યાં વિલ્માને ધાતુથી બનેલા 'આર્ટીફિસીયલ લેગ'ની મદદથી ચાલતા શીખવવામાં આવ્યું. ડૉકટરે વિલ્માની માતાને તેની દેખરેખ તેમજ માલિશ કરવાની રીત પણ શીખવી. તેમણે વિલ્માને સમજાવ્યું કે મનુષ્યે જો કંઈક પ્રાપ્ત કરવું હોય તો તેના માટે યોગ્ય પ્રકારની મહેનત કરવી પણ ખૂબ જરુરી છે. જયોર્જ બર્નાડ શૉ કહે છે તેમ :

"જીવનનો સાચો આનંદ આ છે -
પોતે ભવ્ય માનેલા કોઈ ઉદ્દેશને ખાતર ખપી જવું;
ઉકરડા પર ફેંકાઈ જતા પહેલાં સંપૂર્ણપણે ઘસાઈ છૂટવું ;
'દુનિયા મને સુખી કરવામાં લાગી પડતી નથી,'
એવા રોદણાં રડતા સ્વાર્થીલા, તાવલેલા ઢેફાને બદલે
કુદરતની એક શક્તિ બનવું."

શારીરિક ક્ષતિઓ અને આર્થિક તકલીફોનો સામનો કરીને પણ વિલ્માએ મનમાં કંઈક કરી છૂટવાનો દઢ સંકલ્પ કરી લીધો અને તેની આ લગન અને મહેનતનું પરિણામ એ આવ્યું કે બાર વર્ષની થતાં સુધીમાં તો તે ધાતુના પગ કે ઘોડીની મદદ વિના જ સામાન્ય રીતે ચાલવા લાગી. જો કે આ બાબત શક્ય થઈ શકી માત્ર અને માત્ર વિલ્માની માતાના પ્રયત્નો અને વિલ્માના પ્રબળ આત્મવિશ્વાસથી જ. અને ત્યારબાદ તો વિલ્માએ કયારેય જીવનમાં પાછું વળીને જોયું જ નથી. રમતગમતમાં વિશેષ રસ-રૂચિ ધરાવનાર વિલ્મા બાસ્કેટ બોલ ટીમમાં જોડાઈ ગઈ. તેની ખેલપ્રતિભાને જોઈને હાઈસ્કૂલની પરીક્ષા પાસ કરતાં જ તેને ટેનીસી સ્ટેટ્સ તરફથી શિષ્યવૃત્તિ પ્રદાન કરવામાં આવી. ત્યારબાદ વિલ્માએ પોતાનો અભ્યાસ એક વર્ષ માટે અટકાવીને પોતાનું સમગ્ર ધ્યાન આંતરરાષ્ટ્રીય સ્તરની રમતો પર કેન્દ્રિત કર્યું. તમામ અવરોધોને પાર કરીને તેણે પોતાની ટીમને સ્ટેટ ચેમ્પિયન બનાવી. તે માત્ર ૧૬ જ વર્ષની હતી ત્યારે તો તેણે ઓલંપિક રમતગમતમાં ૧૯૫૬માં કાંસ્યપદક પ્રાપ્ત કર્યું અને ત્યારબાદ તો તે એવી પ્રથમ અમેરિકન મહિના બની જેણે ઓલમ્પિક રમતગમતમાં ત્રણ સુવર્ણ ચંદ્રક એટલે કે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા. સફળતાના અગ્રિમ શિખરો પાર કર્યા બાદ તેમણે રંગ-ભેદની નીતિ વિરુદ્ધ લડવાનો નિર્ણય કર્યો. તેમની સિદ્ધિઓ તેમજ ક્ષમતાથી પ્રભાવિત થઈને અનેક કાર્યક્રમોમાં તેમને અતિશિ વિશેષ તરીકે આમંત્રિત કરવામાં આવતા. તેઓ એક કુશળ વક્તા પણ હોવાના કારણે ઘણી શાળા-કૉલેજોમાં તેમના પ્રેરણાત્મક વ્યાખ્યાનો યોજાતા. ૧૯૬૭માં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ હ્યૂબર્ટ હુંફ્રી એ વિલ્માને 'ઓપરેશન ચેંપ'માં ભાગ લેવા આમંત્રિત કર્યા. વિલ્માએ 'વિલ્મા રૂડોલ્ફ ફાઉંડેશન' નામની એક સંસ્થા પણ શરુ કરી કે જેમાં વિવિધ પ્રકારની રમતોનું મફત પ્રશિક્ષણ, ભણતર તેમ જ અન્ય સગવડો વિદ્યાર્થીઓને આપવામાં આવતી. ૧૯૭૭માં તેમણે પોતાની આત્મકથા પણ લખી જેનું શિર્ષક હતું 'વિલ્મા' અને ત્યારબાદ આ જ આત્મકથા પર આધારિત એક ફિલ્મ પણ બની.

વિલ્માનું જીવન ખૂબ પ્રેરણાદાયક રહ્યું. તેમણે સાબિત કરી બતાવ્યું કે પ્રયત્ન તથા પરિશ્રમ દ્વારા અક્ષમ કે દુર્બળ વ્યક્તિ પણ સક્ષમ બની શકે છે અને ઉન્નતિના ઉચ્ચ શિખરો સર કરી શકે છે. પોતાના જીવનને સમૃદ્ધિના શ્રેષ્ઠ શિખર સુધી પહોંચાડીને આ વિશ્વપ્રસિદ્ધ મહિલા ૧૨ નવેમ્બર, ૧૯૯૪ માં ૫૪ વર્ષની ઉંમરે હંમેશ માટે ચિરનિંદ્રામાં પોઢી ગયા.

વિલ્માની આ વાત બાળપણમાં ભણતી વખતે આપણે વાંચીએ ત્યારે આપણે એને પૂર્ણપણે સમજી કે આત્મસાત્ કરી શકતા નથી. પરંતુ, જેમ જેમ મોટા થઈએ, જીવનની તકલીફો, કુદરતી અવરોધોનો સામનો કરતા થઈએ ત્યારે આપણને વિલ્માના જીવનમાંથી પ્રેરણાબળ મળે છે. ત્યારે આ વાતને આપણે ખરા અર્થમાં સમજી શકીએ છીએ, અનુભવી શકીએ છીએ. હાર માનીને બેસી રહેવા કરતાં પ્રયત્ન કરીને ઝઝૂમતાં આ પ્રકારના દઢ મનોબળવાળા વ્યક્તિઓના જીવનમાંથી આપણે જ શીખીએ છીએ! લાખ અવરોધો કે તકલીફો આવે છતાં જો મનોબળ મજબૂત હોય તો અશક્ય અને અસંભવ લાગતી બાબતો પણ હકીકત બની જતી હોય છે ! તો આવો, આપણામાં રહેલા એ આત્મબળની ચિનગારીને પ્રજ્વલિત કરીએ અને સિદ્ધિના સર્વશ્રેષ્ઠ શિખર સુધી આપણામાં રહેલા કૌશલ્યને પહોંચાડીએ!